# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા-03/૨૦૨૨-૨૩/03 તા. ૩૧/૦૧/૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૦/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ગાંગજીભાઈ ડાયાભાઈ માતંગ ગામ – જામનગર

સબડીવીઝન: સેન્ટ્રલ ઝોન

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ખંભાળિયા જામનગર શહેર-૧

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: બુધવાર (૨૧-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૧૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ હતા અને અરજદાર પક્ષકાર હાજર રહેલ ન હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આપના દ્વારા આપવામાં આવતું વીજ બિલમાં આવેલ પ્રતિનિધિ દ્વારા રીડિંગ લેવામાં ભૂલ હોય, તો તે ભૂલ સુધારી યોગ્ય બિલ કરી આપવા નમ્ર વિનતી છે. આ સાથે આપવામાં આવેલ બધા બિલ હોય તો તમામ વીજ બિલ ની ચકાસણી કરી, આ બાબતે યોગ્ય કરવા આપ સાહેબ ને નમ્ર વિનતી સહ, આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહકશ્રીની વિજ બીલ બાબતની રજુઆત અન્વયે સંબંધિત પેટા વિભાગીય કચેરી પાસેથી મેળવેલ વિગત અને માહિતી નીચે મુજબ છે.

(૧) અરજદાર/ ગ્રાહક નું નામ:- ગાંગજીભાઇ ડાયાભાઇ માતંગ

(૨) ગ્રાહક નંબર ૩૨૧૦૨/૦૩૭૫૦/૯ RGPU

(૩) કોન્ટ્રાક્ટ લોડ :-૨,૦૦ કી.વો. કનેક્શન તા. ૦૪.૦૬.૨૦૧૦

(૪) કનેકટેડ લોડ : ૪,૯૮૯ કી.વો.

(૫) તા. ૧૫.૦૬.૨૦૨૨ ફાસ્ટ મીટર ચાર્જ રૂ.૨૯૫.૦૦ ભરેલ છે.

(૬) તા.૧૬,૦૬,૨૦૨૨ ના રોજ મીટર બદલાવેલ છે.

(૭) તા.૨૦.૦૬.૨૦૨૨ ના રોજ મીટર લેબ રોજકામ કરેલ અને મીટરનો MRI લીધેલ જેમાં મીટરનો ટેસ્ટ લેતા મીટર યોગ્ય સ્થિતિમાં જણાયેલ છે.

(૮) તા.૨૫.૧૧.૨૦૧૨ ના રોજ સે. ઝોન કચેરી દ્વારા સુનાવણી રાખવામા આવેલ જેમાં ગ્રાહક દ્વારા દિવસ ૧૦ માં વિશેષ અભિપ્રાય આપવાનું જણાવેલ છે.

(૯) ગ્રાહક શ્રી એ વીજ બીલ ભરપાઈ કરેલ નથી હાલ સપ્ટે-ઑક્ટો-૨૦૨૨ સુધીના રૂ.૪૨૩૪૫.૮૭ લેણી રકમ બાકી છે.

3.૧ વીજ જોડાણ અંગેના બીલની રકમ તથા યુનિટનો અભ્યાસ કરતાં નીચે મુજબ વિગતો મળેલ છે.

| ક્રમ | બિલ માસ | એક્સપોર્ટ યુનિટ | ઇમ્પોર્ટ યુનિટ | તફાવતના યુનિટ | તફાવત ના યુનિટ મુજબ બિલની રકમ | ભરપાઈ થયેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જાન્યુ.-ફેબ્રુ. ૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૩૦ | |
| ૨ | માર્ચ-એપ્રિલ-૨૦૨૨ | ૮૪ | ૨૬૧૧ | ૨૫૨૭ | ૨૦૯૬૩.૧૮ | વીજ બિલ ભરેલ નથી. |
| ૩ | મે-જુન -૨૦૨૨ | ૧૯૮ | ૨૧૯૧ | ૧૯૯૩ | ૧૬૮૭૭.૫૨ | વીજ બિલ ભરેલ નથી |
| ૪ | જુલાઈ-ઑગ.-૨૦૨૨ | ૧૭૮ | ૫૮૦ | ૪૦૨ | ૨૯૫૩.૭૮ | વીજ બિલ ભરેલ નથી |
| ૫ | સપ્ટે. ઑક્ટો.-૨૦૨૨ | ૩૨૯ | ૫૬૪ | ૨૩૫ | ૧૬૫૭.૪૪ | વીજ બિલ ભરેલ નથી |

આમ ઉપરોક્ત વિગતે મીટર લેબ રોજકામ મીટર એમ.આર.ઇ. રીપોર્ટ, ૧૪૫ પી.આર.ટી તથા જોડાયેલ વીજભાર નો અભ્યાસ કરતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જેટલા યુનિટ જનરેટ થાય છે તેના કરતાં યુનિટ વપરાશ વધુ છે. જે મુજબ યુનિટ તફાવતના વીજ બીલ નિયમાનુસાર આપેલ છે જે ગ્રાહકે ભરવા પાત્ર થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજૂઆત મુજબ મીટર નું લેબ રોજકામ તથા લેબ ચકાસણી કરતાં મીટર યોગ્ય માલૂમ પડેલ છે. તેમજ મીટર નો એમ.આર.આઈ. તથા ૧૪૫ પીઆરટી મુજબ અરજદાર શ્રી નો જોડાયેલ વીજભાર અભ્યાસ કરતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જેટલા યુનિટ જનરેટ થાય છે તેના કરતાં યુનિટ વપરાશ વધુ છે. જે મુજબ યુનિટ તફાવતના વીજ બીલ નિયમાનુસાર આપેલ છે જે ગ્રાહકે ભરવા પાત્ર થાય છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧